# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-03-2026** **Morning: 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે PM કિસાન સન્માન નિધિનો 22મો હપ્તો ખેડૂતોના ખાતામાં જમા કરાવશે**
2. **ગુજરાત વિધાનસભામાં આજે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માંગણીઓ પર ચર્ચા અને મતદાન થશે**
3. **છેલ્લા બે દાયકામાં રાજ્યમાં કપાસ અને મગફળીના ઉત્પાદનમાં ઐતિહાસિક વૃદ્ધિ નોંધાઈ**
4. **રાજ્યમાં આજે યલો એલર્ટ સાથે હિટવેવની આગાહી**
5. **ઇન્ડોરામા વેન્ચર્સ ઓપન ગોલ્ફ સ્પર્ધામાં રાશિદ ખાન 6 અંડર 66નો સ્કોર કરીને શરૂઆતના રાઉન્ડમાં ઉભર્યો**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PM - KISAN SCHEME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામના ગુવાહાટીથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 22મો હપ્તો ખેડૂતોના ખાતામાં જમા કરાવશે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે શ્રી મોદી લગભગ 9 કરોડ 32 લાખ ખેડૂતોના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા 18 હજાર 640 કરોડ રૂપિયા જમા કરાવશે. તેમણે ઉમેર્યું હતું કે આ યોજના હેઠળ અત્યાર સુધીમાં 4 લાખ 9 હજાર કરોડથી વધુ રૂપિયા ખેડૂતોને ખાતામાં જમા કરાવાયા છે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે આ હપ્તા જમા થતાં કુલ રકમ 4 લાખ 27 હજાર કરોડ રૂપિયાને વટાવી જશે.

(બાઈટ- શિવરાજ સિંહ ચૌહાણ)

# LPG– SUPPLY

રાજયમાં LPGનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાનું સરકારે જણાવ્યું છે. જિલ્લા કલેક્ટરો પરિસ્થિતીને પહોંચી વળવા સતત નજર રાખી રહ્યા છે. છોટાઉદેપુરમાં કલેકટર ગાર્ગી જૈનના અધ્યક્ષ સ્થાને ગેસ એજન્સીઓના સંચાલકો સાથે બેઠક યોજાઈ. બેઠકમાં કલેકટરે તમામ મામલતદારોને તાલુકાની એજન્સીઓ સાથે સંકલન સાધવા અને કાળાબજારને રોકવા સૂચના આપી હતી.

(બાઈટ – ગાર્ગી જૈન)

બનાસકાંઠાના પાલનપુર ખાતે જિલ્લા કલેકટર મિહિર પટેલે ગેસ એજન્સીના સંચાલકો સાથે બેઠક કરી પુરવઠાની સમિક્ષા કરી હતી. જિલ્લામાં ૩૭ ગેસ એજન્સીઓ અને ૩ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ મારફતે ગેસનો પુરવઠો અપાઈ રહ્યો છે. પાટણમાં પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કાળાબજારી અને સંગ્રહખોરી અટકાવવા માટે કાર્ય યોજના તૈયાર કરવામાં આવી છે.

બીજી તરફ જામનગર કલેક્ટર કેતન ઠક્કરે લોકોને અફવાઓથી દૂર રહેવા અને બિનજરૂરી સંગ્રહ ન કરવા અપીલ કરી હતી.

# VIDHANSBHA TODAY

ગુજરાત વિધાનસભામાં આજે બપોરે 12 વાગ્યે પ્રશ્નોત્તરી સાથે ગૃહની કાર્યવાહી શરૂ થશે, જેમાં મુખ્યમંત્રી હસ્તકના સામાન્ય વહીવટ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ મકાન, ખાણખનિજ સહિતના વિભાગોના પ્રશ્નો રજૂ થશે. ઉપરાંત, જળ સંપત્તિ, પાણી પુરવઠા તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગની પ્રશ્નોતરી પણ હાથ ધરાશે. ગૃહમાં નિયમ 44 હેઠળ વન મંત્રી અર્જુન મોઢવાડીયા જાહેર અગત્યની બાબત પર નિવેદન રજૂ કરશે. ગૃહમાં આજે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માંગણીઓ પર ચર્ચા અને મતદાન થશે. ઉપરાંત કેટલાક બિન સરકારી વિધેયક અને સંકલ્પ પણ રજૂ કરાશે.

# CM ITI

રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થા- ITIમાં મોટર મિકેનિક ટ્રેડમાં તાલીમ લઈ રહેલા યુવાઓને ઈલેક્ટ્રીક વાહનો સંલગ્ન પ્રાયોગિક તાલીમથી સજ્જ બનાવાશે. તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે ગાંધીનગર ખાતે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને 40 ઇલેક્ટ્રિક કારનું વિતરણ કર્યું. તેમણે બાંધકામ અને સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને ઘર આંગણે પ્રાથમિક આરોગ્ય સેવા સારવાર માટે 50 ધનવંતરી આરોગ્ય રથ અને છ મોબાઇલ મેડિકલ વાનના લોકાર્પણ પણ કર્યું હતું.

# MODHVADIYA STARTUP SUMMIT

કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાએ અમદાવાદમાં 'નેક્સ્ટજેન યુથ ઇનોવેટર્સ' થીમ પર ત્રણ દિવસીય એમ્પ્રેસેરિયો 2026 સ્ટાર્ટઅપ સમિટની  શરૂઆત કરાવી. આ પ્રસંગે તેમણે જણાવ્યું, 10-12 વર્ષ પહેલાં, 'સ્ટાર્ટઅપ' શબ્દ મોટે ભાગે શૈક્ષણિક ક્ષેત્રોમાં સાંભળવામાં આવતો હતો. પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સત્તામાં આવ્યા પછી, તેમણે ભારતમાં એક મજબૂત સ્ટાર્ટઅપ માળખું વિકસાવ્યું.

(બાઇટ: અર્જુન મોઢવાડિયા, કેબિનેટ મંત્રી)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

## VAGHANI KRUSHI

છેલ્લા બે દાયકામાં રાજ્યના કૃષિ ઉત્પાદનમાં ઐતિહાસિક વૃદ્ધિ જોવા મળી છે. વિધાનસભામાં કૃષિ, ખેડૂત કલ્યાણ, પશુપાલન, ગૌસંવર્ધન, સહકાર અને મત્સ્યોદ્યોગ વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચા દરમિયાન કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, કપાસમાં 696 ટકા અને મગફળીમાં 575 ટકાનો જંગી વધારો નોંધાયો છે. આ ચર્ચામાં શ્રી વાઘાણી સહિત અનેક ધારાસભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ચર્ચાના અંતે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

## VALSAD- BUDGET

વલસાડ નગરપાલિકાએ વર્ષ 2026-27 માટે આશરે 165 કરોડ રૂપિયાનું પુરાંતલક્ષી અંદાજપત્ર પસાર કર્યું. જેમાં કુલ 165 કરોડ 77 લાખ 16 હજાર 92 રૂપિયા જેટલી આવકનો અંદાજ મૂકવામાં આવ્યો છે જ્યારે 165 કરોડ 4 લાખ 62 હજાર 270 રૂપિયા જેટલો ખર્ચ નિર્ધારિત કરવામાં આવ્યો છે. પુરાંતલક્ષી બજેટ હોવાને કારણે વિકાસ કાર્યો, રસ્તા, પાણી અને સફાઈ જેવી મૂળભૂત સુવિધાઓમાં વધારો થવાની અપેક્ષા છે.

## WEATHER

રાજ્યમાં આજે હિટવેવની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે બનાસકાંઠા, પાટણ, કચ્છ, મોરબી, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, અમદાવાદ, ગાંધીનગર, આણંદ, વડોદરા અને સુરતમાં આજે કાળઝાળ ગરમીની અસર વર્તાશે. હવામાન વિભાગના નિયામક ડૉ એ કે દાસે જણાવ્યું હતું કે દિવસની સાથે રાત્રિ પણ ગરમ રહેશે. જોકે ત્યારબાદ ગરમીથી આંશિક રાહત મળવાની પણ શક્યતા છે.

(બાઇટ: ડૉ એ. કે. દાસ, નિયામક)

## GIR SOMNATH KHEDUT

ગીર સોમનાથ જિલ્લાના કોડિનારના મહિલા ખેડૂત વર્ષ ૨૦૧૨થી પ્રાકૃતિક ખેતી કરી મબલખ ઉત્પાદન મેળવી રહ્યા છે. વડનગર ગામના આ ખેડૂત

**અજાયબેન પંપાણિયા જીવામૃત ઘન જીવામૃત, નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર અને દશપર્ણી અર્ક બનાવી અન્ય ખેડૂતોને આપી પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહિત પણ કરે છે. તેઓ આજે પ્રાકૃતિક ખેતી થકી શેરડી, બારજરો, ઘઉં, મગ, અડદ સહિતના પાકોનું વાવેતર કરી તેમાંથી મબલક ઉત્પાદન મેળવી રહ્યાં છે. રાજ્ય સરકારની બીઆરસી યોજનામાં 60 હજાર રૂપિયાની સહાય પણ મળી હોવાનું તેમણે જણાવ્યું.**

**(બાઇટ: અજાયબેન પંપાણિયા, ખેડૂત)**

# GOLF CHAMPIONSHIP

**અમદાવાદમાં રમાઈ રહેલી ઇન્ડોરામા વેન્ચર્સ ઓપન ગોલ્ફ ચેમ્પિયનશિપ 2026માં રાશિદ ખાને છ અંડર 66નો સ્કોર કરીને શરૂઆતના રાઉન્ડમાં સરસાઈ મેળવી. આંતરરાષ્ટ્રીય મંચ પર બે સહિત 14 ટાઇટલ જીતનાર દિલ્હી સ્થિત રાશિદે ગુરુવારે સાત બર્ડી અને એક બોગી સાથે એકમાત્ર લીડ મેળવી. સિઝનની પ્રથમ ઇવેન્ટના વિજેતા અમેરિકન ઝારેડ હેક પ્રથમ રાઉન્ડમાં પાંચ અંડર 67નો કાર્ડ આપ્યા બાદ બીજા સ્થાને રહ્યો. જ્યારે અર્જુન પ્રસાદ, બ્રિજેશ કુમાર, સપ્તક તલવાર, માનવ બૈસ અને કાર્તિક સિંહ સહિત પાંચ ગોલ્ફરએ સંયુક્ત ત્રીજા સ્થાને રહીને ચાર અંડર 68નો સ્કોર કર્યો.**

# MORBI-BETHAK

મોરબી જીલ્લા પંચાયતની ખાસ સમાન્ય સભામાં કરોડોના કામોને બહાલી અપાઈ હતી. આ બેઠકમાં સ્વભંડોળ અને રેતી રોયલ્ટીના કામોની બહાલી આપવામાં આવી જિલ્લા પંચાયત સ્વભંડોળમાંથી હેતુફેરના કામોને ૨૨ લાખ રૂપિયા સૈદ્ધાંતિક મંજૂરી 1 કરોડ રૂપિયા અને  વહીવટી મંજૂરી ૧ કરોડ ૯૨ લાખને મંજૂરી આપવામાં આવી.  જિલ્લા પંચાયત કચેરી હસ્તકના ઉપયોગમાં લેવાતા જૂના વાહનનું આયુષ્ય પૂર્ણ થયુ  હોવાથી તેના સ્થાને નવું વાહન ખરીદવાની પણ આ સભામાં મંજૂરી આપવામાં આવી.

--------------------------------